ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૧/૨૦-૨૧/ 593 તારીખ : 15 FEB 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૧/૨૦-૨૧

પ્રતિ,
**શ્રી કાણોતરા રામભાઈ હમીરભાઈ,**
મું.પો.પરાલી,
તા.લીંબડી,
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૭૬૨૩૦ ૩૦૮૫૦**

**વિષય : ઘર વપરાશના વિજ બિલમાં ભૂલ તથા અન્ય સેવાઓ બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૩/૧૨/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૯/૧૨/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૦-૨૧/૪૪૯૪ તા.૩૧/૧૨/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૦-૨૧/૨૦૬ તા.૧૬/૦૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૮/૦૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્યપેટા વિભાગીય કચેરી, **લીંબડી.**

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૭૧/૨૦–૨૧</u> ☜

વાદી :– શ્રી કાણોતરા રામભાઈ હમીરભાઈ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૨૮/૦૧/૨૦૨૧</u> ◈

હાજર રહયા :– શ્રી કાણોતરા રામભાઈ હમીરભાઈ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી કાણોતરા રામભાઈ હમીરભાઈ, મું.પો.પરાલી, તા.લીબડી, જી.સુરેન્દ્રનગર ની ઘર વપરાશના વિજ બિલમાં ભૂલ તથા અન્ય સેવાઓ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૧/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૦–૨૧/૪૪૯૪ તા.૩૧/૧૨/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૮/૦૧/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી કાણોતરા રામભાઈ હમીરભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ગ્રાહક નં–૨૫૨૧૯/૦૫૪૫૪/૬ નામ કાણોતરા રામભાઈ હમીરભાઈ થી ઘરવપરાશ અંગે નું વિજ જોડાણ ધરાવીએ છીએ. અમારા વિજ જોડાણ ના વિજ મીટરમાંથી પાવર ન આવવા, સર્વિસ બદલવા, મીટર બદલવા, સ્થળ હંગામી ધોરણે બદલવા તેમજ વધારે બિલ આપવા બાબતે ફરીયાદ કરેલ છે.

૧.૨ અમોએ અગાઉનું મીટર બિલ ૧૪૯૦ તા.૪/૨/૨૦૧૯ ના રોજ ભરેલું. અમો કોઈપણ જાતની વિજ વપરાશ કરેલ નથી. તેમ છતાં, તા.૩૧/૧૦/૨૦૨૦ ના બિલમાં રૂ.૫૪૭૬/– આપની કચેરી દ્વારા આપવામાં આવેલ છે.

૧.૩ અમોએ અગાઉ જયારે લેખિત રજૂઆત કરેલી તેમાં અમોએ કહેલું કે,આપની કચેરી દ્વારા અમારા મીટરની ચકાસણી કરી જવી અને જરૂર જણાય તો,અમારૂં મીટર બદલી જવું. તેમ છતાં, તા.૪/૨/૨૦૧૯ થી આજ દિન સુધી અમારી રજૂઆતને ધ્યાને લેવામાં આવેલ નથી.......

૧.૪ તો આપ સાહેબને નમ્ર અરજ છે કે, આપની કક્ષાએ થી આપ અમારી રજૂઆત સાંભળી આગળની કાર્યવાહી કરી અમોને યોગ્ય ન્યાય મળી રહે એવી આપ સાહેબને નમ્ર અરજ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ સદર વાદીશ્રી ની રજૂઆત અન્વયે, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી–રૂરલ, લીબડી ના જણાવ્યા મુજબ વાદીશ્રી ની ફરીયાદ અનુસંધાને સદર મીટર રોજકામ સીરીયલ નંબર – ૭૦૭૭૫ થી તા.૬/૧/૨૦૨૧ ના રોજ બદલાવવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૨ તેમજ સદર મીટર નું તા.૧૨/૧/૨૦૨૧ ના રોજ લેબ પરીક્ષણ કરવામાં આવેલ અને જે લેબ પરીક્ષણ રીપોર્ટ મુજબ મીટરમાં કોઈપણ પ્રકારની ક્ષતિ જોવા મળેલ નથી. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૩ આમ, ગ્રાહકશ્રી કાણોતરા રામભાઈ હમીરભાઈ ને આપવામાં આવેલ વિજ બિલ તેમના વિજ વપરાશ મુજબ જ આપવામાં આવેલ છે. જે ભરવાપાત્ર થાય છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર કાણોતરા રામભાઈ હમીરભાઈ ગામ–પરાલી, તા.લીંબડી માં સીંગલ ફેઈઝ ઘર વપરાશનું વિજ જોડાણ ગ્રા.નં–૨૫૨૧૯/૦૫૪૫૪/૬ થી ધરાવે છે.

૩.૨ વાદી અરજદારે ફોરમને રજૂઆત કરેલ છે કે, તેઓના વિજ જોડાણની વિજ વપરાશ ખૂબ જ ઓછી હોય છે. તેમજ તેઓ લાંબો સમય મજૂરી કામે બહાર રહેતા હોવાથી તેઓની વિજ વપરાશ હોતી નથી. પ્રતિવાદીએ તા.૩૧/૧૦/૨૦૨૦ ના વિજ બિલમાં રૂા.૫૪૭૬/– ની રકમનું વિજ બિલ આપેલ છે. જે તેઓની વપરાશ કરતા વધારે છે.

૩.૩ વાદીનું મીટર પ્રતિવાદીએ તા.૬/૧/૨૦૨૧ ના રોજ બદલાવેલ તે સમયે વાદીના વિજ મીટર ના રીડીગ ૩૨૦૦ જોવા મળેલ. પ્રતિવાદીએ વાદીના વિજ મીટરનું લેબ ઈન્સપેકશન તા.૧૨/૧/૨૦૨૧ ના રોજ એકસ–પાર્ટ કરેલ. તેમજ મીટરનો એકયુરસી ટેસ્ટ બરાબર આવેલ.

૩.૪ પ્રતિવાદીએ વાદીના મીટર નો MRI બિલીગ ડેટા તેમજ વાદીના બિલીગ ના PRT રજૂ કરેલ છે.

૩.૫ પ્રતિવાદીએ વાદીના દ્વીમાસીક રીડીગ અને વિજ વપરાશ નો રેકર્ડ ( 145 PRT ) તેમજ MRI બિલીગ ડેટા ના રીપોર્ટ જોતાં, પ્રતિવાદીના મીટર રીડરે લીધેલ રીડીગ MRI ના બિલીગ ડેટા સાથે મેચ થતા નથી અને પ્રતિવાદીના મીટર રીડરે સ્થળ પર રીડીગ ની ખરાઈ કર્યા વગર વિજ બિલ આપેલ હોય તેવું જણાય છે.

૩.૬ MRI ના બિલીગ ડેટા મુજબ વાદીના વિજ સ્થાપન પરના મીટર ના રીડીગ 2411.89 છે. તેમજ 145 PRT મુજબ તા.૨/૯/૨૦૨૦ ના બિલમાં રીડીગ 2017 જોવા મળેલ છે. આમ, MRI ના બિલીગ રીપોર્ટ ના છેલ્લા પાંચ દ્વીમાસીક બિલ તેમજ PRT માં નોંધાયેલ રીડીગ જોતાં માલૂમ પડે છે કે, વાદીનું વિજ મીટર બદલતા સમયે ના રીડીગ 2411 જે બરાબર છે. પરંતુ, પ્રતિવાદીના મીટર રીડરે સાચા રીડીગ લીધેલ ન હોઈ, વિજ વપરાશ એકઠા થયેલા હોઈ, વાદીને ઓકટોબરમાસનું બિલ રૂા. 5476/- મળેલ છે.

૩.૭ વાદીના વિજ મીટરમાં વિજ વપરાશ ની નોંધ થયેલ હોઈ, વાદીને આપવામાં આવેલ વિજ બિલ યોગ્ય છે અને જે વાદીએ ભરવાપાત્ર છે. પ્રતિવાદીને જણાવવામાં આવે છે કે, સંબંધિત મીટર રીડરનો ખુલાસો માંગી ખાતાકીય પગલા લેવા.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(પી.એન.ઓઝકીયા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૨૮/૦૧/૨૦૨૧.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.